| Published Date: | 11 Jan 2023 | Publication: | Vyapar (Gujarati) [Mumbai] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 4 |
| Circulation: | 9,000 | | |

આપનું નાણાં આયોજન

# ૨૦૨૩માં તોફાનો આવે તો પણ ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડોને વળગી રહેજો

૨૦૨૦ અને ૨૦૨૧માં જબરું વળતર આપ્યા પછી ૨૦૨૨માં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સના મોટા ભાગના પ્રકારોમાંથી રોકાણકારોને એક આંકડાનું વળતર મળ્યું છે અથવા તો નુકસાન ગયું છે. ફંડ્સનો આવો જ નબળો દેખાવ ૨૦૨૩માં પણ ચાલુ રહે એવી શક્યતા છે. આમ છતાં ભારતનાં ફંડ્સ જાગતિક સ્તરે થયેલા બજાર ધોવાણથી બચી શક્યાં છે.

નિપ્પોન ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડના ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટ્સ વિભાગના નાયબ વડા અધિકારી શૈલેશ રાજ ભાણ કહે છે? 'ફુગાવો અને વ્યાજના ઊંચા દર, રશિયા - યુક્રેન યુદ્ધને કારણે વધેલા ઊર્જાના ભાવ તથા અમેરિકા, યુરોપ અને ચીનમાં આર્થિક વિકાસ બાબતે પ્રવર્તેલી ચિંતા જેવા વૈશ્વિક પડકારોને કારણે ઈક્વિટી પર માઠી અસરો પડી હતી. વૈશ્વિક રોકાણકારોએ ઈક્વિટી ફાળવણીઓ ઓછી કરી એટલે વિશ્વનાં મહત્ત્વનાં બજારોમાં
1 ખાસ્સો પ્રત્યાઘાતી ઘટાડો આવ્યો હતો. આમ છતાં ભારતીય બજાર ટકી ગયું હતું એટલું જ નહીં, એ આ વર્ષમાં સારી કામગીરી બજાવનારાં થોડાઘણાં બજારોમાં સ્થાન પામી શક્યું હતું.'

## લાર્જ - કૅપ ફંડ્સ : તોફાન માટે અનુકૂળ

૨૩મી ડિસેમ્બરના આંકડા પ્રમાણે લાર્જ - કૅપ ફંડ્સના રોકાણકારોને ૨૦૨૨ દરમિયાન ૦.૦૭ ટકાનું સરેરાશ વળતર મળ્યું છે. એની સામે ૨૦૨૦માં ૧૪.૨ ટકાનું અને ૨૦૨૧માં ૨૫.૯ ટકાનું વળતર મળ્યું હતું. જાગતિક વંટોળ જેટલો લાંબો ચાલશે એટલી વધુ અસર ભારતના આર્થિક વિકાસની સંભાવનાઓ પર પડશે. આવા માહોલમાં લાર્જ - કૅપ ફંડ્સમાં રોકાણ કરનારાઓ ટકી જશે. ભાણ કહે છે? ' લાર્જ - કૅપ ફંડ્સ બજારની સારીમાઠી પરિસ્થિતિઓમાં સફળતાથી પાર ઊતરેલી મોખરાની સુસ્થાપિત કંપનીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારતમાં વિકાસની મજબૂત શક્યતા અને નબળા પડતા જતા વૈશ્વિક આર્થિક માહોલના સંદર્ભમાં આવી અગ્રણી કંપનીઓની સ્થિતિ સારી જણાય છે. '

જો કે મોટા ભાગનાં સક્રિય લાર્જ - કૅપ ફંડ્સ સૂચકાંકો કરતાં વધુ વળતર આપી શક્યા નથી. ફંડ્સઈન્ડિયા.કોમના સંશોધન વિભાગના વડા અરુણ કુમાર કહે છે? 'સરેરાશ ૬૦ ટકા જેટલાં લાર્જ - કૅપ ફંડ્સનો પોર્ટફોલિયો ઈન્ડેક્સ જેવો જ છે. ઇન્ડેક્સ કરતાં અલગ (ડિફરન્શિયેટેડ) પોર્ટફોલિયો ધરાવતાં લાર્જ - કૅપ ફંડ્સ ૪૦ ટકા જેટલાં જ હોવાથી એ ફંડ્સ માટે ખર્ચ કાઢ્યા પછી પણ શ્રેષ્ઠ દેખાવ કરવો અઘરો છે. '

લાર્જ - કૅપ ફંડોએ ભવિષ્યમાં ખર્ચનું પ્રમાણ ઘટાડવું પડશે અથવા વધુ ડિફરન્શિયેટેડ પોર્ટફોલિયો સર્જવા પડશે. અરુણ કુમાર કહે છે કે ઇન્ડેક્સ કરતાં અલગ એવો ડિફરન્શિયેટેડ પોર્ટફોલિયો સૂચકાંક કરતાં બહુ જ સારો અથવા બહુ જ ખરાબ એમ બંને પ્રકારનો દેખાવ કરી શકે છે. એમ કરવા જતાં આ પ્રકારનાં ફંડ્સની વિશેષતા એટલે કે વળતરની સરળતા ક્યાંક ખોવાઈ જાય એવી પણ શક્યતા છે. આથી આ જ વર્ગમાં નિષ્ક્રિય ફંડમાં રોકાણ કરવાના પક્ષમાં મજબૂત દલીલ થઈ શકે તેમ છે.




## મિડ - કૅપ ફંડ્સ : ઓછા વળતરનો ફટકો

મિડ - કૅપ ફંડ્સે રોકાણકારોને ૨૦૨૦માં ૨૩.૬ ટકા અને ૨૦૨૧માં ૪૩.૮ ટકા જેવાં જબ્બર સરેરાશ વળતરો આપ્યા પછી આ વર્ષે અત્યાર સુધીમાં માઈનસ ૧.૧ ટકા વળતર આપ્યું છે. નિફ્ટી મિડકૅપ ૧૫૦ ટોટલ રિટર્ન ઈન્ડેક્સ (ટીઆરઆઈ)માં ૨૦૨૨માં ૩.૧ ટકાનું વળતર મળ્યું છે. ફંડ મૅનેજરો કહે છે કે જાગતિક બજારો કરતાં આ દેખાવ ઘણો સારો છે.

મોતીલાલ ઓસવાલ મ્યુચ્યુઅલ ફંડના ઉપપ્રમુખ અને ફંડ મૅનેજર નિકેત શાહ કહે છે? 'મિડ - કૅપ ઈન્ડેક્સ ઘરઆંગણાના અર્થતંત્ર તરફનો ઝોક ધરાવતાં કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કૅપિટલ ગુડ્સ અને બૅન્કિંગ જેવાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ક્ષેત્રોને બેઠા થઈ રહેલા અર્થતંત્રનો લાભ મળ્યો છે. ' શાહની ધારણા પ્રમાણે મિડ - કૅપ ઈન્ડેક્સમાં આગામી ૬ મહિનામાં પ્રત્યાઘાતી ઘટાડો આવશે. શાહ કહે છે? 'આ ઈન્ડેક્સમાં ગયા ત્રિમાસિકમાં ૬૫ - ૭૦ ટકા કંપનીઓની શેર દીઠ કમાણી ઓછી થઈ છે. ડિસેમ્બર ત્રિમાસિકમાં પણ એમની શેર દીઠ કમાણીમાં ઘટાડો ચાલુ રહે એવી સંભાવના છે. ફુગાવો વિકાસનો ભોગ તો લેશે જ. '

વળી, શૅરોના હાલના ઊંચા ભાવ પણ એક બીજી અડચણ છે. શાહ કહે છે? 'મિડ - કૅપ ઈન્ડેક્સના શેરોનાં કામકાજ આવતા વર્ષની સંભવિત શેર દીઠ કમાણીના ૨૪ ગણા ભાવે થાય છે, જે પાંચ વર્ષીય સરેરાશ (૨૧ ગણા) અને દસ વર્ષીય સરેરાશ (૧૮.૫ ગણા) કરતાં ક્યાંય વધારે છે. ' જો ફુગાવો થોડો કાબૂમાં આવે અને આરબીઆઈ સહિતની મધ્યસ્થ બૅન્કો ૨૦૨૩ના ઉત્તરાર્ધમાં વ્યાજદર ઘટાડે તો મિડ - કૅપ ફંડ્સ થોડાં બેઠાં થઈ શકે.

## સ્મૉલ - કૅપ્સ : ઘટાડાતરફી વલણ

૨૦૨૦માં ૩૦.૪ ટકાનું અને ૨૦૨૧માં ૬૨.૬ ટકાનું સરેરાશ વળતર આપ્યા પછી સ્મૉલ - કૅપ ફંડ્સે આ વર્ષે અત્યાર સુધીમાં માઈનસ ૩.૧ ટકાનું સરેરાશ વળતર આપ્યું છે. ટાટા મ્યુચ્યુઅલ ફંડના સિનિયર ફંડ મૅનેજર ચંદ્રપ્રકાશ પડિયાર કહે છે : 'બજાર એકંદરે સાંકડી વધઘટના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને સ્મૉલકૅપ ક્ષેત્ર પણ એમાંથી બાકાત નથી. '

૨૦૨૩માં સ્મૉલકૅપ ફંડ્સને તોફાનનો સામનો કરવો પડે એવી શક્યતા છે. પડિયાર કહે છે? 'વૈશ્વિક વિકાસ ધીમો પડશે અને એની ભારતના ધંધાકીય માહોલ પર થોડીક અસરો પણ પડશે. આખા શેરબજારમાં ટૂંકા ગાળાનો ઝોક એક રેન્જમાં સીમિત રહેવાનો અને નકારાત્મક હશે. સ્મૉલ - કૅપ શૅરોના ભાવ વાજબી સપાટીએ છે, પરંતુ તેમની કામગીરી સમગ્ર બજાર જેવી જ રહેશે. ' આ સેગમેન્ટમાં શેર દીઠ કમાણીની વૃદ્ધિ સારી એવી રહેશે. પડિયારના કહેવા પ્રમાણે જો બજારમાં મોટો ઘટાડો આવશે તો લાંબા ગાળાના રોકાણકારોને બજારમાં નવું રોકાણ કરવાની તક મળશે.

## રોકાણ ટકાવી રાખજો

ઘણા રોકાણકારોને લાગે છે કે ૨૦૨૨નું વર્ષ બહુ જ ચંચળ અને અસ્થિર રહ્યું છે. જો કે અરુણ કુમારના કહેવા મુજબ સેન્સેક્સની શરૂઆતથી જ ત્રણ - ચાર વર્ષના અપવાદ સિવાય દર વર્ષે ૧૦ - ૨૦ ટકાની ચડતીપડતી થયા જ કરી છે. આથી રોકાણકારોએ બજારમાં અસ્થિરતા માટે તો તૈયાર રહેવું જ જોઈએ.

ઘણા રોકાણકારોને લાગે છે કે અત્યારે બજારમાંથી નીકળી જવું જોઈએ અને બજાર ફરી ઊંચું ચડવા માડે ત્યારે પાછા આવવું જોઈએ. જો કે આ નીકળવાનો અને પ્રવેશવાનો સમય નક્કી કરવો બહુ કઠિન છે. કારણ કે શેરબજારમાં ઘણા ખોટા ટૂંકજીવી સુધારા પછી આખરે લાંબું ટકે એવો સુધારો આવતો હોય છે. એ જ રીતે સતત નકારાત્મક સમાચારો આવ્યા કરે ત્યારે પણ બજાર ઊંચું ચડતું રહે છે. આથી જે રોકાણકારો અત્યારે બજારમાંથી વિદાય લઈ લેશે એ બજાર સુધરશે ત્યારે પાછળ રહી જશે.

૨૦૨૨માં ઓછી કિંમતના શેરોમાં રોકાણ કરનાર કે બજારના ટ્રેન્ડથી વિરુદ્ધ જઈને રોકાણ કરનાર (અનુક્રમે વૅલ્યુ અને કૉન્ટ્રા સ્ટાઈલ) ફંડ્સનો દેખાવ કંપનીની ગુણવત્તા કે વિકાસ ક્ષમતા જોઈને રોકાણ કરનારાં ફંડો કરતાં સારો રહ્યો છે. ૨૦૨૦માં આનાથી વિપરિત સ્થિતિ હતી. અરુણ કુમાર એવી સલાહ આપે છે કે અત્યારે ક્વૉલિટી ફંડ્સમાંથી નીકળીને વૅલ્યુ ફંડ્સમાં નહીં જતા. ક્યા પ્રકારના ફંડ્ઝ ક્યારે સારો દેખાવ કરશે એ નક્કી કરવું મુશ્કેલ છે. તમે કોઈ એક પ્રકારના ફંડમાં રોકાણ કરી લીધું હોય તો ૭થી ૧૦ વર્ષ સુધી એને વળગી રહેજો. આંતરરાષ્ટ્રીય ફંડ્સમાં ૧૫-૨૦ ટકા જેટલું રોકાણ અને મિડ-કૅપ તથા સ્મૉલ-કૅપ ફંડ્સમાં ૨૦-૩૦ ટકા જેટલું રોકાણ, એ ફંડ્સના આ વર્ષના નબળા દેખાવ છતાં, રાખી મૂકવું હિતાવહ રહેશે.

Display: 2/2